42

Ref. MSW/MSW HRM. F... 392
Date: 1 02/12/2021

# અનુસ્નાતક વિભાગ (સમાજકાર્ય), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત-380120
# અને
# ગ્રામ પંચાયત, વધાસી, જિલ્લો : આણંદ, ગુજરાત-380120 વચ્ચે

## સમજૂતી કરાર

આ સમજૂતી કરાર (Memorandum of Understanding- MoU) અનુસ્નાતક વિભાગ (સમાજકાર્ય), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત-380120 અને ગ્રામ પંચાયત, વધાસી, જિલ્લો : આણંદ, ગુજરાત -380120 વચ્ચે તા.26 નવેમ્બર, 2021થી લાગુ થશે. અહીં બંને સામુહિક અને/અથવા એકાકી દૃષ્ટિએ "પક્ષ" અને/અથવા "પક્ષકાર" તરીકે ઓળખાશે

**આમુખ :**

જયારે,

(અ) અનુસ્નાતક વિભાગ (સમાજકાર્ય), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત-380120 અને ગ્રામ પંચાયત, વધાસી, જિલ્લો : આણંદ, ગુજરાત -380120 વચ્ચે "રૂરલ એક્સપોઝર ટ્રેનિંગ" (Rural Exposure Training) અંતર્ગત મુખ્ય હેતુ અધ્યાપકો, કર્મચારીગણ, વિદ્યાર્થીઓને તાલીમ, સંશોધન તથા શૈક્ષણિક-સંશોધનાત્મક આદાનપ્રદાન કરવાનો અને એકબીજાના સંપર્કો અને સહયોગને વધુ સુદ્રઢ કરીને તેને વિકસાવવાનો રહેશે. અને,

(બ) આ બંને પક્ષકારો ભાગીદારીનો વધુ એક હેતુ બંને વચ્ચે તકનીકી, સામાજિક અને સાંસ્કૃતિક બાબતોને વિકસાવવાનો રહેશે

આ કારણે, આ દસ્તાવેજમાં ભવિષ્યમાં ઉપર જણાવેલ કેટલીક નિયત બાબતો ઉપર ભાગીદારી અને નિશ્ચિત મુદ્દાઓ/વિષયો ઉપર લાંબાગાળાના આયોજનો સમયાંતરે હાથ ધરી શકાય તે મુજબનું માળખું રજૂ કરવામાં આવ્યું છે.

## કલમ-1 : ભાગીદારી અને સંકલન

આ ભાગીદારી પ્રારંભિક તબક્કે નીચેના પક્ષકારો વચ્ચે રહેશે :

નિયામકશ્રી, અનુસ્નાતક વિભાગ (સમાજકાર્ય), સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત-380120 અને

સરપંચશ્રી, ગ્રામ પંચાયત, ગાના, જિલ્લો : આણંદ, ગુજરાત -380120

પ્રૉ.ડૉ.શિવાની મિશ્રા, નિયામકશ્રી/વડાં, અનુસ્નાતક વિભાગ (સમાજકાર્ય) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત-380120 વતી સંકલનકર્તાની ભૂમિકા નિભાવશે. જયારે, શ્રીમતી કૈલાશબેન સોલંકી, સરપંચશ્રી ગ્રામ પંચાયત, વઘાસી, જિલ્લો : આણંદ, ગુજરાત - 380120 તરફથી સંકલનકર્તાની ભૂમિકામાં રહેશે. આ કામગીરીમાં ભાગ લેનારા લોકો તથા સંકલનકર્તાઓ તેમજ સક્ષમ સત્તાધીશો સમયાન્તરે બદલાઈ શકે છે.

## કલમ-2 : સહયોગનો પ્રકાર

બંને પક્ષકાર વચ્ચે ભાગીદારીના કેટલાક સંભવિત મુદ્દાઓ નીચે પ્રમાણે નિયત કરવામાં આવ્યા છે. જો કે, આ સિવાયની કેટલીક અન્ય બાબત બંને પક્ષો વચ્ચે પારસ્પરિક સમજુતીથી કામગીરી થઇ શકશે. ઘણા કિસ્સાઓમાં કેટલાક નિશ્ચિત કાર્યક્રમો માટે અલાયદા કરારોની આવશ્યકતા ઉભી થાય તો તેનું દસ્તાવેજીકરણ વધુ વિગતે અલગ રીતે થઇ શકશે :

1. માહિતી અને અનુભવોનું આદાન-પ્રદાન : બંને પક્ષકારોના પ્રતિનિધિઓએ વર્ષમાં એક વખત સંયુક્ત બેઠક યોજીને તેમના અનુભવો, શિક્ષણ, સંશોધન અને સંયુક્ત પ્રોજેક્ટ્સના પ્રસ્તાવોની તૈયારી વિષેની જાણકારીની આપ-લે કરવી

2. ફિલ્ડ પ્રોજેક્ટ્સ : બંને પક્ષકારો સંયુક્ત રીતે વિવિધ મુદ્દાઓ અને વિષયો જેવા કે, આદર્શ ગામની સંકલ્પના, પીઆરએ, ગ્રામ વિકાસ આયોજન, સોશિયલ ઓડિટ અને ગ્રામસભા, ગ્રામ પંચાયતની કામગીરી, વિસ્તરણ કામગીરી, બાલિકા પંચાયત, મહિલા અને બાલિકા સશક્તિકરણ, કાયદાકીય સહાય, આજીવિકા સહાય, કોવિડ-19 અને આજીવિકા સહિતની બાબતો ઉપર સંયુક્ત રીતે સહકારથી કામગીરી કરે.

3. વર્ચ્યુઅલ લર્નિંગ અને એજ્યુકેશન: બંને સંસ્થાઓ/પક્ષકારો પાસે રહેલી ક્ષમતા અને કુશળતાને ધ્યાને રાખીને વર્ચ્યુઅલ લર્નિંગ અને એજ્યુકેશનની શક્યતાઓ આ બંને પક્ષકારો ચકાશસે

4. નીચે દર્શાવેલા કેટલાક ચોક્કસ હેતુઓ ઉપર કાર્ય કરવા માટે બંને પક્ષકારો પરસ્પર સંમત થશે:

- ગ્રામીણ વિસ્તારોમાં જીવનની વાસ્તવિકતા સમજવા માટે પ્રયાસ કરશે
- ગ્રામીણ સામાજિક સંરચના-સંસ્કૃતિ અને આજીવિકા રળવા માટેનો ઢાંચો સમજશે
- ભૌગોલિક-આર્થિક અને રાજકીય પરિમાણો તથા ગ્રામીણ સમુદાયમાં તેની જરૂરિયાતો અને સમસ્યાઓ વિષે જાણવાનો પ્રયત્ન કરશે
- જીવન જીવવાની શરતો, પાણીની આપૂર્તિ તથા પરિસ્થિતિનો તાગ મેળવીને જરૂરી જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરશે
- સમૂહ જીવન અને જૂથ કાર્યો અંગે સમજણ કેળવાય તે માટેના અનુભવો કેળવાય તેવી પ્રવૃતિઓ કરવામાં આવશે
- ગ્રામીણ વિસ્તારોમાં જૂથની ગતિશીલતા (ગ્રુપ ડાયનેમિક્સ) તથા સત્તાનું માળખું (પાવર સ્ટ્રક્ચર) અંગે સમજણ કેળવવાનો પ્રયાસ થશે.

**<u>કલમ-3 : ધિરાણ</u>**

આ કરાર બિન-ધિરાણ/બિન-નાણાકીય પ્રકારનો રહેશે. જો કે સમયાંતરે બંને પક્ષકારો સહમત થશે તો તેમણે આપેલી સેવાઓ માટે મહેનતાણું આપી શકશે

**<u>કલમ-4: માન્યતા</u>**

આ સમજૂતી કરાર પ્રારંભિક એક વર્ષ માટે માન્ય રહેશે. વળી, બંને પક્ષકારો જ્યારથી આ કરારનામાં ઉપર સહી કરશે ત્યારથી તે અમલી બનશે. આ કરારની સમયાવધિ/સમયગાળો બંને પક્ષકારોની સમજુતીથી વધારી શકાશે. જો, કોઇ એક પક્ષકાર આ કરાર રદ કરવા ઇચ્છતો હોય તો ત્રણ માસની આગોતરી જાણકારી બાદ જ તેમ કરી શકશે.

કૈલાસબેન

**અનુસ્નાતક વિભાગ (સમાજકાર્ય) વતી,**
પ્રો.ડૉ.શિવાની મિશ્રા,
નિયામકશ્રી/વડાં,અનુસ્નાતક વિભાગ (સમાજકાર્ય)
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર, આણંદ, ગુજરાત-380120
E-mail sd_mishra@spuvvn.edu
Contact : 9898598685
Date: 26/11/2021

Dept. of Social Work
Sardar Patel University
Vallabh Vidyanagar.

**ગ્રામ પંચાયત, વઘાસી વતી,**
શ્રીમતી કૈલાશબેન સોલંકી
સરપંચશ્રી ગ્રામ પંચાયત,
વઘાસી, જિલ્લો : આણંદ, ગુજરાત -380120

Contact : 8347052301
Date: 26/11/2021

સરપંચ
ગ્રામ પંચાયત, વઘાસી
તા.જી. આણંદ